# ગણિત



## ધોરણ-૬

**પ્રથમ સત્ર**

## વાર્ષિક માસવાર આયોજન



વર્ષ - ૨૦૨૪/૨૫

**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન**
**શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

# જુલાઈ માસનું પાઠ આયોજન
## ૧. સંખ્યા પરિચય

**અધ્યયન નિષ્પતિ :**

- સંખ્યાઓની સરખામણી કરે છે તથા તેની સ્થાન કિંમતને આધારે વિસ્તરણ કરે છે.
- મોટી સંખ્યાઓને સમાવતા સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર સબંધિત કોયડાઓ ઉકેલે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- સંખ્યાઓની સરખામણી સૌથી નાની સંખ્યા, સૌથી મોટી સંખ્યા
- સંખ્યાની રચના
- ચડતો ક્રમ, ઉતરતો ક્રમ
- અંકોની અદલા - બદલી
- સંખ્યાઓનું સ્થાન કિંમતને આધારે વિસ્તરણ
- અલ્પવિરામનો ઉપયોગ
- વ્યવહારમાં મોટી સંખ્યાઓ માપનના એકમો, લંબાઇના એકમો, સમયના એકમો, વજનના એકમો પરથી સંખ્યાની સમજ
- વ્યવહારુ દાખલાઓ
- અંદાજ
- આપણે અંદાજ ક્યારે કાઢીએ છીએ ?
- આસન્ન મૂલ્ય (આસાદન) દ્વારા નજીકના દસ, સો, હજારનો અંદાજ
- સંખ્યાની ગોઠવણીને આધારે અંદાજીત પરિણામો
- સરવાળા અને તફાવતનો અંદાજ
- ગુણાકારનો અંદાજ
- કૌંસનું વિસ્તરણ
- રોમન અંક

**શૈક્ષણિક સાધન :**

પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને વિવિધ ઉદાહરણો આપી સૌથી નાની અને સૌથી મોટી સંખ્યાની સમજ આપીશ. આપેલ નિશ્ચિત અંકોનો ઉપયોગ કરી સંખ્યાની રચના કરતાં શીખવીશ. ચડતો ક્રમ, ઉતરતો ક્રમ ઉદાહરણ દ્વારા સમજાવીશ. કોઇપણ સંખ્યાના અંકોના સ્થાન અરસ પરસ બદલવાથી સંખ્યાનું મૂલ્ય બદલાય છે. તે ઉદાહરણ દ્વારા સમજાવીશ. સંખ્યાઓનું સ્થાન કિંમતને આધારે વિસ્તરણ ઉદાહરણ દ્વારા સમજાવીશ. સંખ્યાની એકમ, દશક, સો, હજાર, દસ હજાર સ્થાનકિંમત મેળવતાં શીખવીશ. મોટી સંખ્યાનું વાંચન અને લેખન કરતાં શીખવીશ. સંખ્યા લખતી વખતે અલ્પ વિરામનો ઉપયોગ કયાં થાય ઉદાહરણથી સમજાવીશ. વ્યવહારમાં મોટી સંખ્યાનો ઉપયોગ કેવી રીતે થાય છે તે બતાવીશ. વ્યવહારમાં મોટી સંખ્યાઓ માપનના એકમો, લંબાઇના એકમો, સમયના એકમો, વજનના એકમો પરથી સંખ્યાની સમજ આપીશ. સરવાળા, બાદબાકી, ગુણાકાર

અને ભાગાકારના વ્યવહારુ ઉદાહરણો આપીશ. આપણે અંદાજ ક્યારે કાઢીએ છીએ તે ઉદાહરણ દ્વારા બતાવીશ. આસન્નમૂલ્ય (આસદન) દ્વારા નજીકના દસ, સો, હજાર

અંદાજ વિવિધ ઉદાહરણ દ્વારા બતાવીશ. સંખ્યાની ગોઠવણીને આધારે અંદાજીત પરિણામે વિવિધ પ્રવૃતિ દ્વારા મેળવતાં શીખવીશ. સરવાળા અને તફાવત નો અંદાજ ઉદાહરણ દ્વારા બતાવીશ. સંખ્યાનું આસાન્ન

મૂલ્ય કઇ રીતે નક્કી કરી શકાય તે સમજાવીશ. ગુણાકારનો અંદાજ કાઢતાં શીખવીશ. વિવિધ ઉદાહરણો દ્વારા મહાવરો કરાવીશ. કૌંસનો ઉપયોગ સમજાવીશ. કૌંસ દ્વારા સરળીકરણ કેવી રીતે થાય તે ઉદાહરણ દ્વારા બતાવીશ. રોમન અંક જણાવીશ. પ્રાચિન રોમન અંક પધ્ધતિની સમજ આપી. રોમન અંકનો ઉપયોગ ક્યાં ક્યાં થાય છે તે જણાવીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

પ્રવૃતિ : કઇ સખ્યાઓ કેવળ રેખા , ચોરસ, લંબચોરસ, ત્રિકોણકાર સંખ્યામાં દર્શાવી શકાય છે ? તે કોષ્ટકમાં દર્શાવવા જણાવીશ.

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાય ૧.૧

સ્વાધ્યાય ૧.૨

સ્વાધ્યાય ૧.3

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## ૨. પૂર્ણ સંખ્યાઓ

**અધ્યયન નિષ્પતિ :**

- પૂર્ણ સંખ્યાઓને ઓળખે છે. તથા તેના ગુણધર્મો વિશે જાણે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પ્રાકૃતિક સંખ્યા
- પહેલાંની સંખ્યા અને પછીની સંખ્યા (પૂર્વવર્તી અને પ્રતિવર્તી)
- પૂર્ણ સંખ્યાઓ
- સંખ્યારેખા પર પૂર્ણ સંખ્યાઓનું નિરૂપણ
- સંખ્યારેખા પર સંખ્યાઓનો સરવાળો
- સંખ્યારેખા પર બાદબાકી
- સંખ્યારેખા પર ગુણાકાર
- પૂર્ણ સંખ્યાનાં ગુણધર્મો
- સંવૃતતાનો ગુણધર્મ
- સરવાળા અને ગુણાકાર માટે જૂથનો ગુણાકાર
- ગુણાકારનું સરવાળા પર વિભાજન
- સરવાળા અને ગુણાકાર દ્વારા એકમ ઘટક (તટસ્થ ઘટક)
- પૂર્ણ સંખ્યાઓનું સ્વરૂપ

**શૈક્ષણિક સાધન :**

પાઠ્ય પુસ્તક

સંખ્યારેખા પટ્ટી

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પ્રાકૃતિક સંખ્યાની માહિતી આપીશ. પ્રાકૃતિક સંખ્યામાં પહેલાંની સંખ્યા અને પછીની સંખ્યા મેળવતા પ્રાકૃતિક સંખ્યા મળે છે તેની સમજ આપી.શ પૂર્ણ સંખ્યાઓ કેવી રીતે મળે છે તે બતાવીશ. સંખ્યારેખા પર પૂર્ણ સંખ્યાઓનું નિરૂપણ કરાવીશ. તેના દ્વારા જમણીબાજુએ અને ડાબીબાજુએ આવેલી સંખ્યાઓ તથા નાની - મોટી સંખ્યાઓ જણાવીશ. સંખ્યા રેખા પર સરવાળા કરતાં શીખવીશ. વિદ્યાર્થીઓને દઢિકરણ કરાવીશ. સંખ્યારેખા પર બાદબાકી શીખવીશ. ગુણાકાર શીખવીશ. વિદ્યાર્થીઓને વધુ મહાવરો કરાવીશ. વિદ્યાર્થીઓને પૂર્ણ સંખ્યાનાં ગુણધર્મોમાં સંવૃંતતાનો ગુણધર્મ, સરવાળા અને ગુણાકાર માટે ક્રમનો ગુણધર્મ સરવાળા અને ગુણાકાર માટે ક્રમનો ગુણધર્મ સરવાળા અને ગુણાકારના જૂથનો ગુણધર્મ, ગુણાકારનું સરવાળા પર વિભાજન, સરવાળા અને ગુણાકાર દ્વારા એકમ ઘટક (તટસ્થ ઘટક) ઉદાહરણ સાથે સમજાવીશ. વિવિધ ઉદાહરણ

દ્વારા દઢિકરણ કરાવીશ. પૂર્ણ સંખ્યાઓનું સ્વરૂપ વિવિધ ઉદાહરણ દ્વારા સમજાવીશ. રેખા, લંબચોરસ, ચોરસ ત્રિકોણ સ્વરૂપે ગોઠવાય છે કે નહી તે 1 થી ૨0 સુધીની સંખ્યાઓને આધારે શીખવીશ. વિદ્યાર્થીઓ તે મુજબ વર્ગીકૃત કરશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

પ્રવૃતિ : ઘરના સભ્યોની ઉંચાઇ માપની નોંધ કરી લાવવી. તેના દ્વારા ચડતો ક્રમ, ઉતરતો ક્રમ સમજાવવો.

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાય ૨.૧

સ્વાધ્યાય ૨.૨

સ્વાધ્યાય ૨.૩

## ઓગષ્ટ માસનું પાઠ આયોજન
## ૩. સંખ્યા સાથે રમત

**અધ્યયન નિષ્પતિ :**

- સંખ્યાઓનું વિસ્તારપૂર્વકનું વર્ગીકરણ એટલે કે એકી, બેકી અવિભાજય અને વિભાજય સંખ્યાઓ વગેરેને ઓળખી અને પારખી શકાય.

**શૈક્ષણિક મુદ્દા :**

- અવયવની સમજ
- રમત દ્વારા અવયવની સમજ
- અવયવો અને અવયવી વિશે તારણોની ચર્ચા.
- અવિભાજય અને વિભાજય સંખ્યાઓ
- ગ્રીક ગણિતશાસ્ત્રી ઇરેટોસ્થેનિસની ઇરટોસ્થેનિસ ચાળણી દ્વારા અવિભાજય સંખ્યા અને વિભાજય સંખ્યાની ઓળખ.
- બેકી અને એકી સંખ્યાઓ
- સંખ્યાની વિભાજયતાની ચાવીઓ
- સામાન્ય અવયવ અને અવયવી
- વિભાજયતાના કેટલાક વધારે નિયમો
- અવિભાજય અવયવ
- અવયવ વૃક્ષ ( ફેક્ટર ટ્રી)
- ગુરૂત્તમ સામાન્ય અવયવ (ગુ.સા.અ.)
- લઘુત્તમ સામાન્ય અવયવી (લ.સા.અ.)
- ગુ.સા.અ. અને લ.સા.અ. ના વ્યાવહારિક ઉદાહરણો

**શૈક્ષણિક સાધન :**

પાઠય પુસ્તક

મૂર્ત વસ્તુઓ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને મૂર્તવસ્તુઓ દ્વારા, અવયવની સમજ આપીશ. 1 થી ૫0 નંબરના કાર્ડ દ્વારા રમત રમાડીશ. તેના દ્વારા અવયવની સમજ આપીશ. તેના દ્વારા અવયવીની સમજ આપીશ. અવયવો અને અવયવી વિશેના તારણોની ઉદાહરણ સાથે ચર્ચા કરીશ. અવિભાજય અને વિભાજય સંખ્યાઓની ઉદાહરણ દ્વારા સંકલ્પના સમજાવીશ. ગ્રીક ગણિતશાસ્ત્રી ઇરેટોસ્થેનિસની ઇરેટોસ્થેનિસ ચાળણી દ્વારા અવિભાજય સંખ્યાઓ તથા વિભાજય સંખ્યાઓ ઓળખાવીશ. વિદ્યાર્થીઓને વધુ દ્રઢિકરણ કરાવીશ. બેકી અને એકી સંખ્યાઓની ઉદાહરણ દ્વારા ઓળખ કરાવીશ. સંખ્યાની વિભાજયતાની ચાવીઓમાં 10 ની, ૫ ની, ૨ ની, 3 ની, 6 ની, 4 ની અને 11 ની વિભાજયતાની ચાવીઓ વિવિધ ઉદાહરણ દ્વારા સમજાવીશ. સામાન્ય અવયવ અને અવયવી મેળવશે. વિભાજયતાના કેટલાક વધારે નિયમો ઉદાહરણ આપી સમજાવીશ. અવિભાજય અવયવ મેળવવાના દાખલા શીખવીશ.

વિદ્યાર્થીઓને દાખલા ગણાવી દ્દઢિકરણ કરાવીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે. અવયવ વૃક્ષ બનાવડાવીશ, ગુરૂતમ સામાન્ય અવયવ મેળવવાની રીત શીખવીશ. સંકલ્પના સમજાવીશ વિદ્યાર્થીઓ ગુ.સા.અ. મેળવવાના દાખલા ગણશે. લઘુતમ સામાન્ય અવયવીની સંકલ્પના સમજાવીશ. લ.સા.આ. મેળવવાની રીત શીખવીશ. વિદ્યાર્થીઓ લ.સા.અ. મેળવવાના દાખલા ગણશે. ગુ.સા.અ. મેળવવાના દાખલા ગણશે. ગુ.સા.અ. અને લ.સા.અ. ના વ્યાવહારિક દાખલા શીખવીશ. વિદ્યાર્થીઓ દાખલા ગણશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

પ્રવૃતિ : અવયવ વૃક્ષ બનાવવું

**મૂલ્યાંકન :**

**સ્વાધ્યાય ૩.૧**

**સ્વાધ્યાય ૩.૩**

**સ્વાધ્યાય ૩.૪**

**સ્વાધ્યાય ૩.૫**

**સ્વાધ્યાય ૩.૬**

**સ્વાધ્યય ૩.૭**

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## 4. ભૂમિતિના પાયાના ખ્યાલો

**અધ્યયન નિષ્પતિ :**

- આસપાસના ઉદાહરણોનો ઉપયોગ કરીને ભૌમિતિક ખ્યાલો જેવા કે રેખા, રેખાખંડ, ખુલ્લી અને બંધ આકૃતિઓ, ખૂણા, ત્રિકોણ, ચતુષ્કોણ, વર્તુળ વગેરેનું વર્ણન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- ભૂમિતિ તથા આજુબાજુના જુદા જુદા આકારો
- બિંદુઓ ખ્યાલ
- રેખાખંડનો ખ્યાલ
- રેખા
- છેડની રેખાઓ
- સમાંતર રેખાઓ
- કિરણ
- વક્ર – ખૂણા
- બહુકોણ
- ત્રિકોણ
- ચતુષ્કોણ
- વર્તુળ

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- ભૌમિતિક પેટી
- ભૌમિતિક આકારો દર્શાવતી પ્રતિકૃતિ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને ભૂમિતિ તથા આજુબાજુના જુદા જુદા આકારો વિશે જણાવીશ. વિદ્યાર્થીઓને બિંદુઓનો ખ્યાલ આપીશ. તેને મૂળાક્ષર દ્વારા દર્શાવતા શીખવીશ. રેખાખંડનો ઉદાહરણ દ્વારા ખ્યાલ આપીશ. ઉદાહરણો દ્વારા દ્રઢિકરણ કરાવીશ. રેખા, છેદતી રેખાઓ સમાંતર રેખાઓ, કિરણ, વક્ર, બહુકોણ ખૂણો, ત્રિકોણ, ચતુષ્કોણ, વર્તુળની આકૃતિ દ્વારા સમજ આપીશ. વિવિધ ઉદાહરણ દ્વારા દ્રઢિકરણ કરાવીશ. શિરોબિંદુઓ બાજુઓ, ખૂણાઓ, વિકર્ણોની સમજ આપીશ. ચર્ચા કરીશ. સ્વાધ્યાય દ્વારા વધુ દ્રઢિકરણ કરાવીશ.

**પ્રવૃતિ/ પ્રોજેક્ટ / પ્રયોગ :**

પ્રવૃતિ : દિવાસળીઓના ઉપયોગ કરી બહુકોણ ત્રિકોણ બનાવો.

**મૂલ્યાંકન :**
સ્વાધ્યાય ૪.૧/ સ્વાધ્યાય ૪.૨ /
સ્વાધ્યાય ૪.૩ / સ્વાધ્યાય ૪.૪ /
સ્વાધ્યાય ૪.૫ / સ્વાધ્યાય ૪.૬

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન
## 5. પાયાની આકારો ની સમજૂતી

**અધ્યયન નિષ્પતિ :**

- આસપાસનાં ઉદાહરણોનો ઉપયોગ કરીને ભૌમિતિક ખ્યાલો જેવા કે રેખા, રેખા ખંડ, ખુલ્લી અને બંધ આકૃતિઓ, ખૂણા, ત્રિકોણ, ચતુષ્કોણ વર્તુળ વગેરે નું વર્ણન કરે છે.
- ખૂણાઓની સમજનું નિદર્શન નીચે મુજબ કરે છે.
- માપના આધારે ખૂણાઓનું વર્ગીકરણ કરીને
- આસપાસ રહેલા ખૂણાઓના ઉદાહરણને ઓળખીને
- 45, 90, 180 ને સંદર્ભ તરીકે ખૂણાઓના અંદાજિત માપ કહે છે.
- ત્રિકોણને બાજુઓ અને ખૂણાઓને આધારે વિવિધ જુથ/ પ્રકારમાં વર્ગીકૃત કરે છે.
- ચતુષ્કોણને તેના બાજુ/ ખુણાના માપના આધારે વિવિધ જુથ/ પ્રકારમાં વહેચે છે.
- આસપાસના વિવિધ ઉદાહરણો ની મદદથી ગોળ, સમઘન, લંબઘન, નળાકાર, શંકુ વગેરે પદાર્થને ઓળખે છે.
- ત્રિપરીમાંણીય આકારોની ધાર, શિરોબિંદુ અને ફલક (સપાટી) નું વર્ણન કરે છે અને તેના ઉદાહરણો આપે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- રેખાનું માપન
- બે રેખાખંડ સરખામણી
- અવલોકન વડે સરખામણી
- ટ્રેસિંગ કાગળ દ્વારા સરખામણી
- માપ પટ્ટી અને દ્વિભાજક વડે સરખામણી
- ખુણો, કાટખૂણો અને સરળકોણ
- ખુણો, લઘુકોણ, ગુરુકોણ અને પ્રતિબિંબકોણ
- ખૂણાનું માપન
- કોણમાપકની સમજ
- લંબરેખાઓ
- ત્રિકોણનું વર્ગીકરણ
- બાજુઓના માપન આધારે
- ખૂણા ના માપન ના આધારે
- ચતુષ્કોણની સમજ
- ચતુષ્કોણ (લંબચોર, ચોરસ, સમાંતર બાજુ, ચતુષ્કોણ, સમબાજુ, ચતુષ્કોણ)
- બાજુકોણની સમજ
- ત્રિપરીમાણીય આકારોની સમજ

**શૈક્ષણિક સાધન :**
પાઠ્ય પુસ્તક, કંપાસ પટ્ટી, ટ્રેસિંગ કાગળ
નમૂનાઓ :
સમઘન, લંબઘન, ગોળો, નળાકાર, શંકુ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**
વિદ્યાર્થીઓને રેખાખંડોના માપ વિશે સમજ આપીશ. કોઇપણ બે રેખાખંડોની સરખામણીમાં અવલોકન વડે સરખામણી ટ્રેસિંગ દ્વારા સરખામણી, માપપટી અને દ્વિભાજક વડે સરખામણી કરતાં શીખવીશ. વિવિધ ઉદાહરણ દ્વારા દ્રઢિકરણ કરાવીશ. ખુણાઓ, કાટખૂણો અને સરળકોણ વિશે આકૃતિ દ્વારા સમજ આપી. લઘુકોણ ગુરૂકોણ અને પ્રતિબિંબકોણની આકૃતિ દ્વારા સમજ આપીશ. વિવિધ પ્રવૃતિ કરાવીશ. ખૂણાનું માપન કરતાં શીખવીશ. વિદ્યાર્થીઓ દ્વારા

ખૂણાનું માપન કરશે. તે માટે વપરાતા સાધન કોણમાપકની સમજ આપીશ. લંબરેખાઓની આકૃતિ દ્વારા સમજ આપીશ. વિદ્યાર્થીઓને બાજુઓના આધારે અને ખૂણાના આધારે ત્રિકોણના પ્રકારની સમજ આકૃતિ દ્વારા આપીશ. ચતુષ્કોણમાં લંબચોરસ, ચોરસ, સમાંતર બાજુ ચતુષ્કોણ, સમલંબ ચતુષ્કોણની સંકલ્પના સ્પષ્ટ કરીશ. બહુકોણની સમજ આકૃતિ દ્વારા વિવિધ વસ્તુઓ દ્વારા આપીશ. ત્રિપરિમાણીય આકારોમાં સમઘનલ લંબઘન, પિરામિડ ગોળો, નળાકાર શંકુ આકારની સમજ આપીશ.

**પ્રવુતિ / પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃતિ : તમારી આજુબાજુ જોવા મળતી ઘન આકારોની વસ્તુઓ સંગ્રહ કરી લાવવા જણાવીશ.

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાય 5.1

સ્વાધ્યાય 5.2

સ્વાધ્યાય 5.3

સ્વાધ્યાય 5.4

સ્વાધ્યાય 5.5

સ્વાધ્યાય 5.6

સ્વાધ્યાય 5.7

સ્વાધ્યાય 5.8

સ્વાધ્યાય 5.9

## ઓકટોબર માસનું પાઠ આયોજન
## 6. પૂર્ણાંક સંખ્યાઓ

**અધ્યયન નિષ્પતિ :**

- પૂર્ણાંકના સરવાળા અને બાદબાકી આધારિત કોયડાઓ ઉકેલે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પૂર્ણાંક સંખ્યાઓની સમજ
- પૂર્ણાંક સાંખ્યયોની સંકલ્પના
- પૂર્ણાંક સંખ્યાઓ
- સંખયરેખા પર પૂર્ણાંકનું નિરૂપણ
- પૂર્ણાંકમાં ક્રમબધ્ધ
- પૂર્ણાંકના સરવાળા
- બે પાસાની રમત
- સંખયરેખા પર પૂર્ણાંકોના સરવાળા
- સંખયરેખાની મદદથી પૂર્ણાંકો ની બાદબાકી

**શૈક્ષણિક સાધન :**

- પાઠય પુસ્તક
- 0 થી 25 અંક ની પટ્ટી
- કંપાસપેટી
- સંખ્યા રેખા પટ્ટી

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓની પૂર્ણ સંખ્યાઓ અને ઋણ સંખ્યાઓની વિવિધ વ્યાવહારિક ઉદાહરણ દ્વારા સમજ આપીશ. 0 થી 25 અંક ની પટ્ટી બનાવડવી તેના દ્વારા પૂર્ણ અને ઋણ સંખ્યા ની સમજ આપીશ. વિદ્યાર્થીઓને પૂર્ણાંકની સમજ આપીશ. પૂર્ણાંક સંખ્યાઓનું સંખયરેખા પર નિરૂપણ કરતાં શિખવીશ. વિદ્યાર્થીઓ પૂર્ણાંક સંખ્યાઓનું સંખયરેખા પર નિરૂપણ કરશે. પૂર્ણાંકોમાં ક્રમબધ્ધતા સંખયરેખા પટ્ટી દ્વારા બતાવીશ. પૂર્ણાંકોના સરવાળા કરતાં શિખવીશ. વિદ્યાર્થીઓ પૂર્ણાંકોના સરવાળા કરશે. બે પાંસાની રમત દ્વારા પૂર્ણાંકોના સરવાળા કરતાં શિખવીશ. વિદ્યાર્થીઓને મહાવરો કરાવીશ. સંખયરેખા પર પૂર્ણાંકોના સરવાળો કરતાં શિખવીશ. વિદ્યાર્થીઓ સંખ્યા રેખા પર પૂર્ણાંકોના સરવાળા કરશે. સંખયરેખાની

મદદથી પૂર્ણાંકોની બાદબાકી કરતાં શિખવીશ. વિદ્યાર્થીઓ બાદબાકી કરશે. વધુ ઉદાહરણો આપી દ્રઢીકરણ કરાવીશ. સ્વાધ્યાય દ્વારા મહાવરો કરાવીશ.

**પ્રવુતિ / પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃતિ : 0 થી 25 અંકની સંખ્યરેખા પટ્ટી બનાવવી.

**મૂલ્યાંકન :**

સ્વાધ્યાય 6.1

સ્વાધ્યાય 6.2

સ્વાધ્યાય 6.3